# ૨૬ મો વાર્ષિક અહેવાલ

## શૈક્ષણિક વર્ષ: - ૨૦૧૮ – ૨૦૧૯

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામનો છવ્વીસમો વાર્ષિક ઉત્સવ અને ઇનામ વિતરણ તેમજ પ્રથમ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન પ્રસંગે "કસ્તુરી" મેગેઝીન બહાર પાડતા અમે આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

આ કોલેજની શરૂઆત સને ૧૯૯૨નાં બીજા સત્રથી જનતા માધ્યમિક શાળા ખેરગામનાં મકાનમાં થઇ હતી અને તા.૨૧/૦૧/૨૦૦૪ થી કોલેજના આ નવા મકાનમાં સ્થળાંતર થયું છે. આ કોલેજ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સાથે સંલગ્ન છે.

અત્રેની કોલેજમાં આર્ટસ અને કોમર્સ એમ બે ફેકલ્ટીઓનું શૈક્ષણિક કાર્ય કાર્યરત છે. તેમજ આર્ટસ અને કોમર્સ  ફેકલ્ટીમાં એમ.ફીલ. તેમજ પીએચ.ડી.જેવી ઉચ્ચ ડીગ્રીનું શૈક્ષણિક માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે.

આ કોલેજમાં વિનયન વિદ્યાશાખામાં ફરજિયાત વિષય તરીકે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી તથા મુખ્ય વિષય તરીકે સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ઇતિહાસ તથા ગૌણ વિષય તરીકે મનોવિજ્ઞાન વિષય શીખવવામાં  આવે છે.

વાણિજ્ય વિદ્યાશાખામાં ફરજિયાત વિષય તરીકે  ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી તથા મુખ્ય વિષય તરીકે એડવાન્સ એકાઉન્ટન્સી અને ઓડિટીંગ તથા ગૌણ વિષય તરીકે બેંકિંગ અને આંકડાશાસ્ત્ર શીખવવામાં આવે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૪૬૨ છે. આ કોલેજની હોસ્ટેલમાં ૫૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે, જેમાં ૫૧ વિદ્યાર્થીઓ એસ.ટી. વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

માર્ચ/ એપ્રિલ/મે – ૨૦૧૭/૨૦૧૮માં લેવાયેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં આ કોલેજનું પરિણામ આ મુજબ રહ્યું હતું.

| ક્રમ | વર્ગ | પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓની સંખ્યા | પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| ૧ | F.Y.B.A. | ૧૨૧ | ૧૨૦ | ૯૯.૧૭% |
| ૨ | S.Y.B.A. | ૮૨ | ૮૨ | ૧૦૦% |
| 3 | T.Y.B.A. | ૯૯ | ૯૨ | ૯૨.૯૨% |
| ૪ | F.Y.B.COM. | ૧૭ | ૦૯ | ૫૨.૯૪% |
| ૫ | S.Y.B.COM | ૧૯ | ૧૪ | ૭૩.૬૮% |
| ૬ | T.Y.B.COM | ૧૬ | ૦૯ | ૫૬.૨૫% |

**આમ સમગ્ર રીતે જોતાં આ કોલેજનું વિનયન વિભાગનું સરેરાશ પરિણામ ૯૭.૩૬% ટકા અને વાણિજ્ય વિભાગનું સરેરાશ પરિણામ ૬૦.૯૫% ટકા રહ્યું છે.**

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન કોલેજે પ્રાપ્ત કરેલ બેસ્ટ સિધ્ધિઓ

| ક્રમ | રોલ નં. | વર્ગ | વિદ્યાર્થીનું નામ | બેસ્ટ એવોર્ડ | મોબાઇલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૩ | T.Y.B.A. | પવાર હરેશભાઇ ધીરુભાઇ | ખેલમહાકુંભમાં નવસારી જિલ્લા કક્ષાએ એથ્લેટિક્સ સ્પર્ધામાં ૩૦૦૦ મીટર દોડમાં પ્રથમ ૫૦૦૦/- નો રોકડ પુરસ્કાર | ૭૩૫૯૭૬૭૯૪૦ |
| ૨ | ૧૧૦ | S.Y.B.A. | પવાર સુલેમાનભાઇ પ્રકાશભાઇ | ખેલમહાકુંભમાં નવસારી જિલ્લા કક્ષાએ એથ્લેટિક્સ સ્પર્ધામાં ૪૦૦ મીટર દોડમાં | ૯૪૨૬૩૦૪૬૫૪ |